


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ


અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 333
Dt.: 08-10-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com







### વેપાર-ધંધામાં દરેક સ્પર્ધકને સમાન તક મળવી જોઈએ

# સરકાર ટેન્ડરમાં બંધારણીય ગેરંટીનો ભંગ કરતી શરતો ના રાખી શકે: સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટેન્ડર પ્રક્રિયામાં શરતો નક્કી કરતી વખતે બંધારણીય ગેરંટીનો ભંગ કરતી હોય તેવી જોગવાઈ રાખવાની સરકારને સત્તા ન હોવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. ટેન્ડર પ્રક્રિયામાં આઉટસાઈડર માટે કોઈ કારણ વગર દરવાજા બંધ રાખવાના છત્તીસગઢ સરકારના નિર્ણયને પણ કોર્ટે આ સાથે અયોગ્ય ઠેરવ્યો હતો. જસ્ટિસ સંજય કુમાર અને આલોક અરાદેની બેન્ચે છત્તીસગઢ સરકારે ઈશ્યૂ કરેલા ટેન્ડરને રદ ઠેરવ્યું હતું, જેમાં સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સ્પોર્ટ્સ કિટ્સ સપ્લાય કરવા માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. બેન્ચે નોંધ્યુ હતું કે, ટેન્ડરની શરતો નક્કી કરવાની સ્વતંત્રતા રાજ્ય સરકાર પાસે છે, પરંતુ પોતાની આ સત્તાના ઉપયોગ થકી બંધારણીય ગેરંટીનો ભંગ કરવાની સરકારને સત્તા નથી. સમાન સ્તરે સ્પર્ધાના સિદ્ધાંતનું પાલન થવું જોઈએ અને દરેક માટે સ્પર્ધાના ધોરણ સમાન હોવા જોઈએ. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે, વિવાદી ટેન્ડર નોટિસમાં જણાવાયેલા લાયકાતના ધોરણો તાર્કિક-બૌદ્ધિક રીતે યોગ્ય હોવા જોઈએ. આ સાથે શાળાના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ કિંમતે ગુણવત્તાયુક્ત સ્પોર્ટ્સ કિટ્સ ખરીદવાનો હેતુ પણ સિદ્ધ થવો જોઈએ. તેથી રાજ્ય સરકારે શ્રેષ્ઠ કિંમત મળે અને વ્યાપક ભાગીદારી આવે તે રીતે ટેન્ડરમાં લાયકાતના ધોરણો નક્કી કરવા જોઈએ. આ પ્રકારની જોગવાઈ સરકારી તિજોરી માટે પણ લાભદાયી રહેશે. વેપાર-ધંધામાં દરેક સ્પર્ધકને સમાન તક મળવી જોઈએ.

## ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર જ્હોન ક્લાર્ક, મિશેલ ડેવોરેટ અને જ્હોન માર્ટિનિસને અપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભૌતિકશાસ્ત્રમાં ૨૦૨૫નો નોબેલ પુરસ્કાર જોન ક્લાર્ક, મિશેલ એચ ડેવોરેટ અને જ્હોન એમ માર્ટિનિસને આપવાની જાહેરાત કરાઈ છે. ઈલેક્ટ્રિક સર્કિટમાં મેક્રોસ્કોપિક ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગ અને એનર્જી ક્વોન્ટિસેશન શોધ બદલ તેમને નોબેલ પુરસ્કાર એનાયત કરાશે. રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસે પુરસ્કારની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે વિજેતાઓએ સંખ્યાબંધ પ્રયોગો કરીને સાબિત કર્યું હતું કે ક્વોન્ટમ વર્લ્ડના વિચિત્ર ગુણધર્મો હાથમાં પકડી શકાય તેટલી મોટી સિસ્ટમમાં કોંક્રિટ બનાવી શકે છે. તેમની સુપરકન્ડક્ટિંગ ઈલેક્ટ્રિકલ સિસ્ટમ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ટનલ બનાવી શકે છે.

### EPFOમાં મોટા ફેરફારની શક્યતા

# લઘુત્તમ પેન્શન રકમ ૧,૦૦૦થી વધારીને ૨,૫૦૦ પ્રતિ માસ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના



(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) ની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા, સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની બેંગલુરુમાં તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ એક બેઠક થવાની છે. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ બેઠકમાં લઘુત્તમ પેન્શન રકમ ૧,૦૦૦ થી વધારીને ૨,૫૦૦ પ્રતિ માસ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા થવાની સંભાવના છે. EPFO હેઠળ કર્મચારી પેન્શન યોજના (EPS-૯૫) હેઠળ લઘુત્તમ પેન્શન હાલમાં ૧,૦૦૦ પ્રતિ માસ છે. આ રકમ ૨૦૧૪ માં નક્કી કરવામાં આવી હતી અને ત્યારથી આ રકમ યથાવત છે.

વિવિધ કર્મચારી સંગઠનો લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે, કે હાલમાં મોંઘવારીને ધ્યાનમાં લેતા ૧,૦૦૦ ની રકમ ખૂબ ઓછી છે. ટ્રેડ યુનિયનો અને વિવિધ પેન્શનરોના સંગઠનો લાંબા સમયથી કર્મચારી પેન્શન યોજના (EPS) હેઠળ પેન્શન રકમ વધારીને ૭,૫૦૦ કરવાની માંગ કરી રહ્યા છે. જો કે, અહેવાલો સૂચવે છે કે CBT પેન્શનમાં ૭.૫ ગણો વધારો કરશે નહીં, પરંતુ તેને વધારીને રુપિયા ૨,૫૦૦ કરવાનું વિચારી શકે છે. પેન્શન યોગ્ય વેતન એ છેલ્લા ૬૦ મહિનાની સેવાનો સરેરાશ મૂળ પગાર + મોંઘવારી ભથ્થું છે, જેની મહત્તમ મર્યાદા ૧૫,૦૦૦ છે. પેન્શનપાત્ર સેવા કુલ સેવા વર્ષોની સંખ્યા દર્શાવે છે, જો તે ૬ મહિના કે તેથી વધુ હોય તો પૂર્ણ કરવામાં આવે છે અને પેન્શન માટે પાત્ર બનવા માટે ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા જરૂરી છે. મહત્તમ પેન્શનપાત્ર પગાર મર્યાદા દર મહિને ૧૫,૦૦૦ છે.

એટલે સરળ શબ્દોમાં કહીએ તો જો કોઈ સભ્ય ૩૫ વર્ષથી સેવા આપી હોય, તો તેઓ દર મહિને આશરે ૭,૫૦૦ પેન્શન મળી શકે છે. EPS હેઠળ પેન્શન મેળવવા માટે ઓછામાં ઓછા ૧૦ વર્ષ સતત સેવા આપવી જરૂરી છે.

સભ્ય ૫૮ વર્ષની ઉંમરે નિયમિત પેન્શન મેળવવા માટે હકદાર છે. જો કોઈ સભ્ય આ તારીખ પહેલાં નોકરી છોડી દે છે, તો તેમને ઉપાડ લાભ અથવા ઓછું પેન્શન મળે છે.

આ બેઠકનો બીજો એક મુખ્ય એજન્ડા EPFO ૩.૦ પ્રોજેક્ટ છે. EPFO ૩.૦ હેઠળ સંસ્થા સંપૂર્ણપણે ડિજિટલ અને પેપરલેસ બનાવવાની યોજના બનાવી રહી છે. જેમાં ATM માંથી સીધા PF ઉપાડ, UPI દ્વારા તાત્કાલિક PF ઉપાડ, રીઅલ-ટાઈમ ક્લેમ સેટલમેન્ટ અને કરેક્શન સુવિધાઓ, સરળ ઓનલાઈન ડેથ ક્લેમ સેટલમેન્ટ અને ઓટોમેટિક ડેટા ઈન્ટિગ્રેશન જેવી સુવિધાઓનો સમાવેશ હોઈ શકે છે. ઈન્ફોસિસ, વિપ્રો અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) જેવી મુખ્ય ભારતીય IT કંપનીઓને આ વિશાળ તકનીકી પ્રગતિનું સંચાલન અને અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી છે. તકનીકી પરીક્ષણ અને સિસ્ટમ ઈન્ટિગ્રેશન પડકારોને કારણે વિલંબ હોવા છતાં, પ્રોજેક્ટ હવે આવતા વર્ષે શરૂ થવાની અપેક્ષા છે.

### NBFC પાસેથી ૬૦ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી

# શિલ્પા શેટ્ટીના ઘરે પહોંચી પોલીસ: રૂ.૬૦ કરોડની છેતરપિંડી મામલે ૫ કલાક પૂછપરછ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા ૬૦ કરોડ રૂપિયાના છેતરપિંડીના કેસમાં મુંબઈ પોલીસના રડાર પર છે. સૂત્રોના જણાવ્યાનુસાર, મુંબઈ પોલીસની EOW ટીમ સોમવારે (છઠ્ઠી ઓક્ટોબર) શિલ્પાના ઘરે પહોંચી હતી અને પાંચ કલાક સુધી તેની પૂછપરછ કરી હતી. પોલીસે આ કેસમાં બંનેના નિવેદનો નોંધ્યા હતા. પૂછપરછ દરમિયાન શિલ્પા શેટ્ટીએ પોલીસને તેની જાહેરાત કંપનીના બેંક ખાતામાં થયેલા કથિત વ્યવહારો વિશે માહિતી આપી હતી. અહેવાલો અનુસાર, શિલ્પા અને રાજ કુન્દ્રાએ પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે છેતરપિંડીના ફરિયાદી દીપક કોઠારીની માલિકીની NBFC પાસેથી ૬૦ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી. આ લોનને પાછળથી કોઠારીની કંપનીમાં ઈક્વિટીમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. આ રકમમાંથી ૨૦ કરોડ રૂપિયાનો ઉપયોગ સેલિબ્રિટી પ્રમોશન, પ્રસારણ ખર્ચ અને અન્ય હેતુઓ માટે કરવામાં આવ્યો હતો. બિપાશા બાસુ અને નેહા ધૂપિયાને આ કામ માટે ચૂકવણી કરવામાં આવી હતી. રાજે પોલીસને પ્રમોશનના ફોટોગ્રાફ્સ પણ આપ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર, શિલ્પા શેટ્ટી તપાસ હેઠળની કંપનીમાં એક મુખ્ય શેરહોલ્ડર છે. તેથી આ કેસમાં તેની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. પુરાવાઓથી જાણવા મળ્યું છે કે કંપનીમાં શેરહોલ્ડર હોવા છતાં શિલ્પાએ સેલિબ્રિટી ફી વસૂલ કરી હતી, જેને ખર્ચ તરીકે દર્શાવવામાં આવી હતી, જે ભંડોળના દુરુપયોગને દર્શાવે છે. મુંબઈના ઉદ્યોગપતિ દીપક કોઠારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, 'રાજેશ આર્ય નામના વ્યક્તિએ મારો રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટી સાથે પરિચય કરાવ્યો હતો, જે હોમ શોપિંગ અને ઓનલાઈન રિટેલ પ્લેટફોર્મ બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર હતા. તે સમયે શિલ્પા અને રાજ કુન્દ્રા કંપનીના ૮૭.૬% શેર ધરાવતા હતા. ત્યારબાદ લોન-કમ-ઈન્વેસ્ટમેન્ટ ડીલમાં મેં ૬૦.૪૮ કરોડ રૂપિયા ગુમાવ્યા છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત ઑક્ટોબર - ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ-૨૪ જિલ્લાઓ (આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા સિવાય તમામ) |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૯ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ અને જ્યાં બાજરીનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં બાજરીની અવેજમાં ચોખાનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | વડોદરા જિલ્લા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા જુવારનું વિતરણ અને જ્યાં જુવારનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં જુવારની અવેજમાં બાજરીનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર/બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર/બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |

ઑક્ટોબર -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની સીંગતેલ, તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | સીંગતેલ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિટર | ૧૦૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ખાંડ (તહેવાર નિમિત્તે વધારાની) | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે





# તંત્રી લેખ......

## જીવનરક્ષક દવાઓ જ જોખમી

મધ્યપ્રદેશમાં અચાનક ફૂટેલું નકલી દવા પ્રકરણ આખા દેશ માટે ચિંતાજનક છે, જેને પ્રાણરક્ષક કહેવામાં આવે છે, દર્દીઓને જેના ઉપર જડીબુટ્ટી જેટલો ભરોસો હોય તે દવા જ નકલી નીકળે અને જો માનવજીવન ઉપર તેનાથી જોખમ ઉત્પન્ન થતું હોય તો બીજે ભરોસો ક્યાં કરવો તેવો સવાલ થાય તે સહજ છે. આ બાબત એટલા માટે અત્યંત ગંભીર, ચોંકાવનારી છે કે કફ સિરપ પીવાને લીધે બે બાળકનાં મૃત્યુ થયાં છે. કુલ ૧૧ બાળકનાં મૃત્યુ એમપીમાં થયાં, ચાર બાળકને રાજસ્થાનમાં સિરપે મૃત્યુના દ્વારે પહોંચાડયા છે. ૭૬ દવા નકલી હોવાના અહેવાલને હવે પ્રશાસન અને સરકારે ગંભીરતાથી લેવો જ જોઈએ. કોરોના સમયે ઓક્સિજન અને પછી વેક્સિનમાં જે કામ થયું તે આપણે ગાઈ-વગાડીને જગતને જણાવ્યું હતું હવે આપણે ત્યાં જ નકલી દવાને લીધે નાગરિકોનાં જીવન ઉપર જોખમ ખડું થયું છે. છેલ્લા આઠ માસમાં મધ્યપ્રદેશમાં બનેલી ૭૬ દવા નકલી નીકળી છે. કોઈ મોટા રોગની દવા હોય તો તે લેનાર દર્દીની સંખ્યા મર્યાદિત હોય, પરંતુ આ નકલી દવાની યાદીમાં તો તાવ-શરદીમાં અપાતી પેરાસિટામોલ પણ છે, આંખનાં ટીપાં કે મલમ છે અને શરીરમાં પાણી ઘટે કે સુગર ઘટે ત્યારે અપાતું ઓઆરએસ તથા કેલ્શિયમ-વિટામીનની પણ દવા છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનનો આ અહેવાલ છે. જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૫ વચ્ચે આ સંસ્થાને બે ટકા ફાર્મા કંપનીઓની છ ટકા દવાને નકલી ગણાવાઈ છે. આ સંખ્યા નાની નથી, પરંતુ એક પણ દવા તો શું, એકાદ ટીકડી કે ઈન્જેક્શન પણ નકલી નીકળે તો દર્દીનાં જીવન ઉપર જોખમ આવી પડે. નિયમ તો એવો છે કે, કોઈ દવા જીવલેણ નીકળે તો ૭૨ કલાકમાં તે બજારમાંથી પરત ખેંચાઈ જવી જોઈએ, પરંતુ એવું થતું નથી. ઘણીવાર તો દવાના સેમ્પલ લીધા પછી તેની ચકાસણીના રિપોર્ટ માટે એક-એક સપ્તાહ રાહ જોવી પડે છે, તેટલા સમયમાં તો કેટલા બધા લોકોએ તે દવાનું સેવન કરી લીધું હોઈ શકે. કફ સિરપ જેવી સામાન્ય દવા પણ જો ઘાતક કે નકલી નીકળે તો તે બાબત અત્યંત ગંભીર કહી શકાય. કેન્દ્ર કે સંબંધિત રાજ્ય સરકારે આ મુદ્દે અત્યંત કડક વલણ અપનાવવું જરૂરી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા, તબીબી ક્ષેત્રના અન્ય સંસ્થાનોએ જાહેર કરેલી માર્ગદર્શિકાનો અમલ દવા બનાવતા નાનામાં નાના યુનિટમાં થાય તે અનિવાર્ય બનાવવું જોઈએ. દવા બનાવતી કંપની તમામ નિયમનું પાલન કરે, મેડિકલ સ્ટોરમાં પણ ચુસ્ત રીતે કાયદા-નિયમનું પાલન થાય તે જોવું જરૂરી છે. છેલ્લા આઠ મહિનામાં બનેલી દવાઓ, તે બનાવતી કંપનીઓ સામે પગલાં લેવાથી કામ પૂર્ણ નહીં થાય. આ સમગ્ર બાબતમાં અત્યંત આકરું ઓડિટ થવું જોઈએ અને ભવિષ્યમાં નાની સરખી પણ ક્ષતિ ન રહે તેવી વ્યવસ્થા તથા તેનો અમલ થવો જરૂરી છે. દવાનું શુદ્ધીકરણ પણ રાષ્ટ્રવ્યાપી ઝુંબેશની રીતે થવું જોઈએ.

# નોટ ઓફ સ્ટાન્ડર્ડ જાહેર થયેલી કફ સિરપ દવાઓનુ ઉત્પાદન કરતી ગુજરાતની પેઢીઓ સામે રાજય સરકારના કડક પગલાં

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે તાજેતરમાં બાળકોના ઉપયોગમાં લેવાતી કેટલીક કફ સિરપ દવાઓ નોટ ઓફ સ્ટાન્ડર્ડ ( **Not of standard quality -nsq)** જાહેર કરવામાં આવી છે. જેના પગલે ગુજરાતમાં પણ ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા આવી કફ સિરપ દવાઓ બનાવતી પેઢીઓની સઘન તપાસ કરીને અને રાજયવ્યાપી પગલા લેવામાં આવી રહ્યા છે.



ગુજરાતમાં લાયસન્સ ધરાવતી કુલ ૬૨૪ ઓરલ લીકવીડ દવા બનાવતી કંપની સ્થિત છે. જે તેમના ઉત્પાદનોનો પુરવઠો રાજયની અંદરના અધિકૃત વિતરણકારો મારફતે તેમજ રાજયબહારના વિસ્તારોમાં પણ સપ્લાય કરે છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકામાં આવેલી મે.શેપ ફાર્મા પ્રા.લી. તેમજ અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં આવેલી મે. રેડનેકસ ફાર્માસ્યુટીકલ લી.દ્વારા ઉત્પાદિત કફ સિરપના નમુનાઓ નોટ ઓફ સ્ટાન્ડર્ડ જાહેર થયા હતા. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમનતંત્ર તથા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના ડ્રગ ઈન્સ્પેકટરો દ્વારા ગઈ તા. ૩ થી ૫ ઓકટોબર ૨૦૨૫ દરમિયાન આ બંને પેઢીઓની જોખમ / આધારીત સંયુકત તપાસ કરવામાં આવી હતી.

આ સંયુકત તપાસના અહેવાલમાં જોવા મળેલી જુદી જુદી ક્ષતિઓના આધારે સંયુકત તપાસ ટીમ દ્વારા મે. શેપ ફાર્મા પ્રા.લી., સુરેન્દ્રનગર અને મે. રેડનેકસ ફાર્માસ્યુટીકલ લી. અમદાવાદને તાત્કાલીક અસર થી દવાનુ ઉત્પાદન બંધ કરવા આદેશ આપવામાં આવ્યો છે. આ તપાસ દરમિયાન ઉપરોકત પેઢીઓમાં નોટ ઓફ સ્ટાન્ડર્ડ દવાનો જથ્થો જોવા મળ્યો ન હતો. જો કે તપાસ ટીમ દ્વારા બંને પેઢીઓને એનએસકયુ દવાઓનો જથ્થો તાત્કાલીક ધોરણે બજારમાંથી પાછો ખેંચી લેવા (રીકોલ કરવા) માટે પણ આદેશ કરવામાં આવ્યો છે તેવુ મંત્રીએ કહ્યુ હતું.

વધુમાં આરોગ્યમંત્રીએ કહ્યુ હતુ કે તપાસ દરમિયાન સાવચેતીના પગલારૂપે મે. શેપ ફાર્મા પ્રા.લી. માંથી અન્ય કફ સિરપના ૦૩ દવાઓ તેમજ મે. રેડનેકસ ફાર્માસ્યુટીકલ લી.માંથી અન્ય કફ સિરપના ૧૧ નમુના લેવામાં આવ્યા છે. આ તમામ ૧૪ નમુનાઓ વધુ ચકાસણી અર્થે સરકારી પ્રયોગ શાળાને મોકલી આપવામાં આવ્યા છે. જેના રીપોર્ટના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા જન સ્વાસ્થ્ય ની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજયની તમામ ઓરલ લીકવીડ ઉત્પાદક પેઢીઓ પર કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.

મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે ગુજરાતના નાગરીકોના જન આરોગ્ય અને દર્દી સુરક્ષાના હીતમાં ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજયના તમામ મદદનીશ કમિશ્નરોને અસુરક્ષિત કફ સિરપ દવાઓના જોખમથી જનતાનુ રક્ષણ કરવા, રાજયમાં ઉત્પાદિત તેમજ વિતરણ થતી દવાઓની ગુણવત્તા, સુરક્ષા અને અસરકારકતા સુનિશ્ચિત કરવા કડક સુચનાઓ આપવામાં આવી છે. મદદનીશ કમિશ્નરોને તેમના ક્ષેત્રમાં આવેલી તમામ ઓરલ લીકવીડ અથવા કફ સિરપ ઉત્પાદક પેઢીઓની સંપૂર્ણ અને કડક તપાસો હાથ ધરવા સુચનાઓ આપવામાં આવી છે. આ તપાસ દરમિયાન પાણીની ગુણવત્તા, કાચા માલના સ્ત્રોત, ઉત્પાદન પ્રક્રિયા, કવોલીટી કંટ્રોલ સિસ્ટમ અને અન્ય મહત્વના મુદ્દાઓની જીણવટપુર્વક ચકાસણી કરવામાં આવશે. તપાસમાં ઓરલ લીકવીડ અથવા કફ સિરપની અલગ અલગ બનાવટના ઓછામાં ઓછા ૫ નમુના લેવાની અને તે નમુનાઓની ચકાસણી વડોદરા લેબોરેટરી દ્વારા સત્વરે કરવા માટે સુચના આપવામાં આવી છે. ત્યારબાદ ફેકટરીથી લઈને રીટેઈલર સુધીની સપ્લાય ચેઈનમાં આવેલ તમામ નોટ ઓફ સ્ટાન્ડર્ડ (એનએસકયુ) જાહેર થયેલી દવાઓનુ રીકોલ એફડીસીએ ના અધિકારીઓની સતત દેખરેખ હેઠળ કરવામાં આવશે. જેથી માર્કેટમાં એકપણ અસુરક્ષિત બેચ ઉપલબ્ધ ન રહે તેવુ મંત્રીએ જણાવ્યુ હતું.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે જાહેર કરાયેલી નોટ ઓફ સ્ટાન્ડર્ડ કફ સિરપ દવાઓના વેચાણ, પુરવઠા અને વિતરણ પર તાત્કાલીક પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તમામ ડીસ્ટ્રીબ્યુટર, હોલસેલર અને રીટેઈલર ચેનલ પર આ પ્રતિબંધનો કડક અમલ થાય તે માટે સતત નજર રાખવામાં આવી રહી છે.

તમામ મદદનીશ કમિશ્નરોને રીકોલ અને તપાસની કાર્યવાહીનુ સતત મોનીટરીંગ રાખી કાર્યવાહીનો વિગતવાર અહેવાલ સંયુકત કમિશ્નર (ડ્રગ્સ) ને નિયમિત રીતે દરરોજ મોકલવાની પણ સુચના આપવામાં આવી છે. આ નિર્ણયો દ્વારા એફડીસીએ, ગુજરાત દવાઓની ગુણવત્તા નિરીક્ષણ અને ટ્રેસેબીલીટી સિસ્ટમને મજબુત કરવા પ્રતિબધ્ધ છે.

## પ્રેમીપંખીડાએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના ચોટીલામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં જીવાપર ગામની સીમમાં એક યુવક અને યુવતીએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ ઘટના પાછળનું કારણ તેમનો પ્રેમ સંબંધ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જીવાપર ગામના એક યુવક અને નજીકના આકડીયા ગામની યુવતી વચ્ચે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. જોકે તેમના સંબંધોમાં કદાચ પરિવાર કે સમાજ તરફથી અવરોધ ઊભા થયા હશે.જેના કારણે પ્રેમમાં નિષ્ફળતા મળતા બંનેએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું માનવામાં આવે છે. આજે સવારે જીવાપર ગામની સીમમાં આવેલા એક બાવળના ઝાડ સાથે દોરડું બાંધીને લટકતી હાલતમાં યુવક અને યુવતીની લાશ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ખેતરે જતા ગ્રામજનોએ આ દૃશ્ય જોતા તાત્કાલિક ગ્રામજનો અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ નાની મોલડી પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં વિકાસ સપ્તાહ અંતર્ગત કલેકટર કચેરી ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અવિરત માર્ગદર્શન હેઠળ ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના ૨૪ વરસ પુર્ણ થયા છે. આ ૨૪ વરસ દરમિયાન ગુજરાતે અનેક સિધ્ધીઓ પ્રાપ્ત કરી છે. જેની વિકાસગાથા જન જન માં ઉજાગર કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં આજે તા. ૭ મી થી આગામી ૧૫ મી ઓકટોબર ૨૦૨૫ દરમિયાન વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યો છે.



સાબરકાંઠા જિલ્લામાં વિકાસ સપ્તાહ ૨૦૨૫ ની ઉજવણી અન્વયે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરી ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ પ્રતિજ્ઞાનામાં જિલ્લાના તમામ પદાધિકારી વર્ગ-૧ તથા વર્ગ-૨ ના અધિકારીઓ તથા કર્મચારીઓ સહભાગી થઈ ભારતના જવાબદાર નાગરીક તરીકે રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવન મંત્ર બનાવવા પ્રતિબધ્ધ થયા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ, સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, નિવાસી અધિક કલેકટર સુ.શ્રી કિષ્ણા વાઘેલા, સહિત વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. જેમાં હું ભારતના જવાબદાર નાગરીક તરીકે પ્રતિજ્ઞા લઉ છુ કે મારા જીવનની પ્રત્યેકક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ, હું સ્વનો વિચાર કરતા પહેલા સૌનો વિચાર કરીશ, દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ રીત કરીશ, દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ, હું મારા દેશના સમૃધ્ધ વારસાનુ ગૌરવ કરીશ અને તેનુ જતન કરીશ, હું મારા દેશના બંધારણીય મુલ્યોનુ જતન કરવા સદાય પ્રયાસરત રહીશ, જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુકત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ, એક ભારત શ્રેષ્ઠ ભારત ના સુત્રને સાકાર કરવા ભારતની એકતા અને અંખડીતતા માટે સદાય પ્રતિબધ્ધ રહીશ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ, હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી ના મંત્ર થકી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં હું મારૂ શ્રેષ્ઠ યોગદાન આપીશ, રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવન મંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ,

## ભરૂચમાં આડાસંબંધની આશંકાએ પિતા-પુત્રએ યુવકને માર માર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

વડાદલા તાલુકામાં જીએનએફસીના ગેટની પાછળ રહેતા ભરતભાઈ વસાવા છૂટક મજૂરી કરે છે. તેમણે નોંધાવેલી ફરિયાદમાં કહ્યું હતું કે, ગઈકાલે રાત્રે પટેલ ફળિયામાં રહેતા હેમિષાબેન (નામ બદલ્યું છે)એ મારી પાસે મકાનનુ બાકી ભાડું માંગતા સંબંધી પાસેથી રૂ.૧૫૦૦ ઉછીના લઈ ભાડું આપવા માટે તેમના ઘરે ગયો હતો. ભાડું આપી તેમના ઘરમાં બેસી વાતચીત કરતો હતો. તે વખતે હેમિષાબેનના પતિ બાબુભાઈ અને પુત્ર સુમિત વતન મધ્યપ્રદેશથી પરત આવી પહોંચતા હેમિષાબેન સાથે મારા આડા સંબંધની શંકાએ પિતા પુત્રએ મને ગાળો આપી માર માર્યો હતો. અને ઘરની આજુબાજુ દેખાશે તો ટાંટિયા તોડી નાખવાની ધમકી આપી હતી. ઉપરોક્ત ફરિયાદના આધારે ભરૂચ સી ડિવિઝન પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### જેલ સિપાહી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાઈ

## ભરણપોષણના ગુનામાં સજા કાપી રહેલા કેદીનું સાબરમતિ જેલમાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની સેન્ટ્રલ જેલમાં ગત મે મહિનામાં ન્યાયિક કસ્ટડીમાં રહેલા ૩૩ વર્ષિય કેદીનું મોત થયું હતું. આ કેદીના પરિવારે જેલમાં થયેલા મોત અંગે ગંભીર આક્ષેપ કર્યા છે. કેદીના મોટાભાઈ પ્રવીણ પરમારની ફરિયાદના આધારે રાણીપ પોલીસે ગેર ઈરાદાપૂર્વક હત્યા અને દુષ્પ્રેરણાનો ગુનો નોધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના બહેરામપુરાના રહેવાસી પ્રવીણકુમાર પરમાર દ્વારા તેમના નાના ભાઈ અજયભાઈ પરમારનું જેલમાં મોત થયા અંગે રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અજય પરમાર અમદાવાદની સેન્ટ્રલ જેલમાં ભરણપોષણના કેસમાં સજા કાપી રહ્યો હતો. કલોલ કોર્ટ દ્વારા ભરણપોષણના ૧.૭૧ લાખ નહીં ચૂકવવા બદલ અજય પરમારને ૨૨ મે ૨૦૨૪ના રોજ ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો હતો.છેલ્લે તે ૨૪ મેના રોજ તેના ભાઈને જેલમાં મળ્યો હતો. તેના ભાઈએ ખાતરી આપી હતી કે, ટૂંક સમયમાં બાકીની રકમ કોર્ટમાં જમા કરાવી તેને જેલમાંથી છોડાવી લેશે. જો કે, ૨૬ મેના રોજ તેને દાણીલીમડા પોલીસ તરફથી ફોન આવ્યો હતો કે, તેમના ભાઈનું મોત થયું છે અને તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. ત્યાર બાદ તેનો પીએમ રીપોર્ટ આવ્યો હતો અને તેમાં મૃતદ કેદીના શરીરમાં ગંભીર ઈજા થયું હોવાનું સામે આવ્યું હતું.

## UPI PIN ભૂલી ગયા? હવે ચહેરા અને બાયોમેટ્રિકથી પેમેન્ટ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશમાં ડિજિટલ પેમેન્ટને સરળ અને વધુ સુરક્ષિત કરવાની દિશામાં મોટું પગલું ભરવામાં આવ્યું છે. હવે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ **(UPI)**થી લેવડ- દેવડ કરનારા યુઝર્સે પૈસા ટ્રાન્સફર કરવા માટે **PIN** નંબર નાખવાની જરુર નહી રહે. તેના બદલે હવે તમારો ચહેરો અથવા ફિંગરપ્રિન્ટ દ્વારા તમારા ટ્રાન્ઝકેશનને મંજૂરી આપી શકશો. આ નવી સુવિધા ૮ ઓક્ટોબરથી લાગુ થવા જઈ રહી છે. આ પગલું **RBI**ના નિયમો અને માર્ગદર્શિકા પ્રમાણે છે, જે એક વૈકલ્પિક ઓથેંટિકેશનની મંજૂરી આપે છે. **NPCI** આ ફીચરને ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલ, મુંબઈમાં પ્રદર્શિત કરવા જઈ રહ્યું છે. જેમાં ડિજિટલ પેમ્ન્ટ્સ અને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક બનશે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, આ નવી સુવિધા ભારત સરકારની આધાર સિસ્ટમમાં સંગ્રહિત બાયોમેટ્રિક ડેટાનો ઉપયોગ કરીને ચુકવણીઓને પ્રમાણિત કરે છે. એટલે કે, વપરાશકર્તાઓના ચહેરા અથવા ફિંગરપ્રિન્ટ્સ તેમના આધાર ડેટા સાથે મેચ કરવામાં આવશે, જેથી પેમેન્ટની મંજૂર મળી જશે. ઉલ્લેખનીય છે કે, આ પગલું ભારતીય રિઝર્વ બેંક **(RBI)** ના હાલની માર્ગદર્શિકા પ્રમાણે છે.

## કેન્દ્રએ કેજરીવાલને ફાળવ્યો ટાઈપ-૭ બંગલો: એક એકરની જમીન પર ઘર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ટાઈપ-૭ કેટેગરીનો બંગલો ફાળવવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટી **(AAP)**ના સંયોજક હોવાથી કેજરીવાલ કેન્દ્ર સરકાર દ્વારા આવાસ મેળવવા માટે હકદાર છે. જોકે, આ બંગલો મેળવવા માટે કેજરીવાલને એક વર્ષ સુધી લાંબી કાયદાકીય લડાઈ લડવી પડી હતી. આખરે, દિલ્હી હાઈકોર્ટની દરમિયાનગીરી અને સપ્લાઈ બાદ, સરકારે તેમને ૯૫, લોધી એસ્ટેટ બંગલો ફાળવ્યો છે. આ બંગલામાં ચાર બેડરૂમ, એક હોલ, એક વેઈટિંગ રૂમ અને એક ડાઈનિંગ રૂમનો સમાવેશ થાય છે. વધુમાં, તેમાં બે લૉન છે, જેમાંથી એક લૉન નાની છે. ફાળવણીમાં થયેલા વિલંબ અંગે કેન્દ્રીય આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય પર આરોપ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે **AAP** નેતાએ દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કરવો પડ્યો હતો. ત્યારબાદ, ૨૫ સપ્ટેમ્બરના રોજ, કેન્દ્ર સરકારે કોર્ટને ખાતરી આપી કે કેજરીવાલને ૧૦ દિવસની અંદર આવાસ ફાળવી દેવામાં આવશે. હાલમાં એવા સમાચાર મળી રહ્યા છે કે કેજરીવાલને સરકારી બંગલો ફાળવી દેવામાં આવ્યો છે. આ બંગલો ટાઈપ-૭ કેટેગરીનો છે, જે સરકારી આવાસોમાં બીજી સૌથી મોટી કેટેગરી ગણાય છે. સામાન્ય રીતે, ટાઈપ-૭ બંગલા ૫ વખત સાંસદ રહી ચૂકેલા વ્યક્તિઓ, કેન્દ્રીય રાજ્ય મંત્રીઓ અને દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશોને ફાળવવામાં આવે છે. જુલાઈ ૨૦૧૪ની સરકારી નીતિ મુજબ, રાષ્ટ્રીય પક્ષોના અધ્યક્ષો અથવા સંયોજકો પણ સરકારી આવાસના હકદાર છે, તેમ છતાં તેમને કઈ કેટેગરીનો બંગલો મળશે તે નીતિમાં સ્પષ્ટ કરાયું નથી. હાઈકોર્ટમાં, કેજરીવાલના વકીલે દલીલ કરી હતી કે રાષ્ટ્રીય પક્ષોના અધ્યક્ષોને પરંપરાગત રીતે ટાઈપ-૭ બંગલા ફાળવવામાં આવે છે. આ માટે તેમણે બસપા અધ્યક્ષ માયાવતીનું ઉદાહરણ આપ્યું, જેમને ગયા વર્ષે ૩૫, લોધી એસ્ટેટ ખાતે ટાઈપ-૭ બંગલો મળ્યો હતો. જોકે ખાસ વાત તો એ છે કે પૂર્વ મુખ્યમંત્રીઓને કેન્દ્ર સરકાર દ્વારા સરકારી આવાસની કોઈ સુવિધા મળતી નથી. ખરેખર, મે ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશના એ કાયદાને રદ કર્યો હતો જે પૂર્વ મુખ્યમંત્રીઓને આજીવન સરકારી આવાસમાં રહેવાની મંજૂરી આપતો હતો. મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યા પછી, કેજરીવાલ ગયા વર્ષે સપ્ટેમ્બરથી **AAP**ના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલને ફાળવેલા સરકારી આવાસમાં રહે છે. બીજી બાજુ, દિલ્હી સરકાર હવે સિવિલ લાઈન્સ સ્થિત ફ્લેગસ્ટાફ રોડ નંબર-૬ પરના તેમના પૂર્વ મુખ્યમંત્રી આવાસને સ્ટેટ ગેસ્ટ હાઉસમાં ફેરવવાની યોજના બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભાજપે આ બંગલાને 'શીશમહલ' કહીને **AAP** પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા.



નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA









શ્રી પુરંદર દાસ

શ્રી ત્યાગરાજ

શ્રી અરુણાચલ કવિ

# ભગવાન શ્રી રામની નગરી અયોધ્યામાં દક્ષિણ ભારતના અગ્રણી સંતો ની પ્રતિમાઓનું અનાવરણ





8 ઓક્ટોબર, 2025 | સાંજે 4:00 કલાકે | બૃહસ્પતિ કુંડ સ્થળ, અયોધ્યા

દ્વારા

**યોગી આદિત્યનાથ**
મુખ્યમંત્રી, ઉત્તર પ્રદેશ

**નિર્મલા સીતારમણ**
મંત્રી, નાણા અને કોર્પોરેટ બાબતો ભારત સરકાર

## પ્રતિષ્ઠિત હાજરી

**સુરેશ કુમાર ખન્ના**
મંત્રી, નાણા અને સંસદીય બાબતો, ઉત્તર પ્રદેશ

**સૂર્ય પ્રતાપ શાહી**
મંત્રી, કૃષિ, કૃષિ શિક્ષણ અને કૃષિ સંશોધન, ઉત્તર પ્રદેશ

**જયવીર સિંહ**
મંત્રી, પ્રવાસન અને સંસ્કૃતિ, ઉત્તર પ્રદેશ

**રોલી સિંહ**
અધ્યક્ષ, જિલ્લા પંચાયત, અયોધ્યા

**ગિરીશ પાટી ત્રિપાઠી**
મેયર, અયોધ્યા

**વેદ પ્રકાશ ગુપ્તા**
ધારાસભ્ય, અયોધ્યા

**રામચંદ્ર યાદવ**
ધારાસભ્ય, રુદૌલી

**ચંદ્રભાનુ પાસવાન**
ધારાસભ્ય, મિલ્કીપુર

**ડૉ. અમિતસિંહ ચૌહાણ**
ધારાસભ્ય, બીકાપુર

**અભય સિંહ**
ધારાસભ્ય, ગોસાઈગંજ

**હરિઓમ પાંડે**
સભ્ય, વિધાન પરિષદ

## સાંસ્કૃતિક કાર્યક્રમ

- દક્ષિણ ભારતના 39 પ્રખ્યાત સંગીતકારો દ્વારા પ્રદર્શન
- દક્ષિણ ભારતીય ભાષાઓમાં કર્ણાટક સંગીત પ્રદર્શન
- જટિલ રાગ અને તાલના મંત્રમુગ્ધ કરનાર મિશ્રણનું અદ્‌ભુત પ્રદર્શન
- મૃદંગ, કાંજીરા, ઘટમ અને મોર્સિંગનું એક અનોખુ વાદ્ય સમૂહ

**સાંજે 4:30 વાગ્યે | પીએફસી લૉન, શ્રી રામ જન્મભૂમિ મંદિર**

**લાઈવ સ્ટ્રીમ** DD NEWS અને Youtube.com/DDNEWS Youtube.com/dduttarpradesh

UPGovtOfficial | CMOUttarpradesh | CMOfficeUP


માહિતી અને જનસંપર્ક વિભાગ, ઉત્તર પ્રદેશ.

### તા. ૧૭ મી બાદ સંગઠનમાં થશે નવી નિમણુંક

## ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ તા.૧૦ ઓકટો.થી રાજયના પ્રવાસેઃ તા.૧૫ મીએ રાજકોટમાં ગોઠવાતો કાર્યક્રમઃ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ વિધીવત ચાર્જ સંભાળ્યા બાદ ગઈ કાલે પ્રદેશ કાર્યાલય ખાતે પ્રશિક્ષણ સમિતિના પ્રદેશ નેતાઓ સાથે બેઠક યોજી હતી અને આગામી તારીખ ૧૦ ઓકટોબર થી ૧૭ ઓકટોબર ગુજરાતભરમાં પ્રદેશ પ્રમુખનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. ભાજપના ટોચના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ જગદીશ વિશ્વકર્મા આગામી તારીખ ૧૦ ઓકટોબરથી ૧૭ ઓકટોબર દરમિયાન ગુજરાતના ચારેય ઝોનમાં જિલ્લા વાઈઝ પ્રવાસ કરનાર છે અને રાજકોટમાં તારીખ ૧૫ મી ઓકટોબરના રોજ આવે તેવી શકયતા છે, જો કે હજુ કાર્યક્રમ ફાઈનલ થયો નથી. શહેર ભાજપ પ્રમુખ માધવ દવેનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે હજુ




પ્રદેશ પ્રમુખનો રાજકોટનો કાર્યક્રમ ગોઠવાઈ રહ્યો છે. સાંજ સુધીમાં પાર્ટીમાંથી કાર્યક્રમ આવી જવાની આશા છે, સુત્રોના કહેવા પ્રમાણે ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સતત એક અઠવાડીયુ ગુજરાતનો પ્રવાસ કરનાર છે. તારીખ ૧૦ મી ઓકટોબરે અંબાજીથી પ્રવાસના શ્રીગણેશ કરશે અને પ્રથમ રાઉન્ડમાં મહાનગરોનો પ્રવાસ કરી સંગઠનના લોકો સાથે બેઠકો યોજાનાર હોવાનુ જાણવા મળે છે. ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા બાદ જગદીશ વિશ્વકર્માનો રાજયભરનો પ્રવાસ ગોઠવાઈ રહ્યો હોય , સંગઠનના લોકો તેમનુ ભવ્ય સ્વાગત કરવા આયોજન કરી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન શહેર / જિલ્લાના સંગઠનોમાં બાકી નિમણુંકો અંગે પણ નિર્ણયો લેવાય તેવી શકયતા છે.

## ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો મહત્વનો નિર્ણયઃ ધો.૧૧-૧૨ માં હવે વૈકલ્પિક વિષયો પસંદ કરી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૧૧ અને ૧૨ ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને દુરંદેશી નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય મુજબ હવે ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમમાં વૈકલ્પિક વિષયો પસંદ કરવાની તક મળશે. આ પગલુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તેમની રૂચીને પ્રોત્સાહન આપવા માટે લેવાયુ છે. શિક્ષણ વિભાગે પ્રારંભિક તબકકે જે વિષયોનો વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે તેમાં મુખ્યત્વે કલા, સંસ્કૃતિ અને સ્વાસ્થ્ય સંબંધીત



વિષયોનો સમાવેશ થાય છે. આ વિષયોમાં ચિત્રકલા, સંગીત અને યોગ આ વિષયોના સમાવેશથી વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક વિષયો પુરતુ સિમિત ન રહેતા તેમની સર્જનાત્મકતા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ને વિકસાવવાની તક મળશે. આ નિર્ણયનો અમલ તબકકાવાર રીતે કરવામાં આવશે. જેની સમયરેખા આ મુજબ છે. ધો. ૧૧ માં આ વૈકલ્પિક વિષયનો સમાવેશ ૨૦૨૬-૨૭ માં થશે. જયારે ધો. ૧૨ માં આ વિષયોનો વૈકલ્પિક વિષય તરીકે ૨૦૨૭-૨૮ માં સમાવેશ થશે.

આ પ્રમાણે જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં ધો. ૧૧ માં પ્રવેશ મેળવશે તેઓ આ નવા વૈકલ્પિક વિષયોનો અભ્યાસ શરૂ કરી શકશે અને ત્યારબાદ ૨૦૨૭-૨૮ માં ધો. ૧૨ માં પણ આ જ વિષયોને વૈકલ્પિક વિષય તરીકે ચાલુ રાખી શકશે. આ નિર્ણય રાષ્ટ્રીય શિક્ષણનીતી (એનઈપી) ૨૦૨૦ ના મુળભુત સિધ્ધાંતોને અનુરૂપ છે. જે શિક્ષણને વધુ લવચીક અને વિદ્યાર્થી / કેન્દ્રીત બનાવવાની હિમાયત કરે છે. તેના મુખ્ય લાભો આ પ્રમાણે છે. વિદ્યાર્થીઓ તેમની રસરૂચી અને કૌશલ્યને આધારે વિષય પસંદ કરી શકશે. જેનાથી તેમનો અભ્યાસ પ્રત્યેનો ઉત્સાહ વધશે. ચિત્રકલા અને સંગીત જેવા વિષયો સર્જનાત્મકતાને પોષશે, જયારે યોગ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માં સુધારો લાવશે, કલા અને યોગના ક્ષેત્રમાં પણ હવે વ્યવસાયીક તકો વધી રહી છે. આ વિષયોનો અભ્યાસ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આ ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવામાં મદદરૂપ થઈ શકે છે. ગુજરાત શિક્ષણ વિભાગનો આ નિર્ણય ખરેખર પ્રશંસનીય છે અને તે રાજયના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણને એક નવી દિશા આપશે.

## ચૈતર વસાવાએ જાહેરમાં કહ્યુ ભાજપે મને મંત્રીપદની ઓફર કરી હતી પરંતુ મેં સ્વીકારી નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના નેતા ચૈતર વસાવા અત્યારે જામીન પર છે , ગઈ કાલે એક જાહેરસભા સંબોધી હતી. જેમાં તેમણે કહ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમને મંત્રી મંડળમાં સમાવવાની સીધી ઓફર કરવામાં આવી હતી. જો કે ચૈતર વસાવાએ આ ઓફરને સ્પષ્ટપણે નકારી કાઢી હતી અને ભારપૂર્વક જણાવ્યુ હતુ કે તેમના માટે ગરીબ જનતાનો પ્રેમ અને આશીર્વાદ મંત્રી કે મુખ્યમંત્રી પદ કરતા પણ વધુ મોટી વાત છે.

ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે જયારે તેઓ ૩ દિવસની પેરોલ પર બહાર આવ્યા અને ગાંધીનગર ગયા ત્યારે મોટા મોટા લોકો તેમને મળ્યા હતા, આ લોકોએ તેમને કહ્યુ હતુ કે મંત્રીમંડળનુ વિસ્તરણ થવાનુ છે અને તેઓ ભાજપ સાથે જોડાઈ જાય તો તેમને મંત્રી બનાવી દેવામાં આવશે. પરંતુ ચૈતર વસાવાએ ભારપૂર્વક કહ્યુ હતુ કે તે કયારેય ઝુકશે નહી, ચૈતર વસાવાએ પોતાની ભાવના વ્યકત કરતા કહ્યુ હતુ કે હું મંત્રી બની જાઉ, મુખ્યમંત્રી બની જાઉ, કરોડો અબજો રૂપીયા વસાવી લઉ, મિલ્કતો



પ્રોપર્ટીઓ કરી લઉ, પણ મારી જનતાના પ્રેમ સામે કરોડો રૂપીયાની કોઈ કિંમત નથી. જનતાનો આ પ્રેમ, સાથી મિત્રોનો સહકાર અને વડીલોના આશીર્વાદ જ તેમની ગરીમા અને પુંજી છે. આ જનતાના પ્રેમની સામે તેમને મંત્રીપદની કોઈ ગરીમા લાગતી નથી. ચૈતર વસાવાએ પોતાના પર થઈ રહેલા કેસો અંગે પણ વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે જયારે તે ભરૂચ કે દાહોદ જઈને લોકો માટે લડવા જાય છે ત્યારે સરકારના લોકોને અને અધિકારીઓને આ ગમતુ નથી. તેથી જ તેમના પર ખોટા ખોટા કેસો કરીને કેસો વધારવામાં આવે છે. કોર્ટમાંથી શરતી જામીન મળ્યા છે.

ચૈતર વસાવાએ આરોપ મુકયો હતો કે નામદાર કોર્ટે જયારે શરતોને આધીન જામીન આપ્યા ત્યારે ખોટી ખોટી એફીડેવીટો રજુ કરવામાં આવી હતી. આ એફીડેવીટોમાં તેમને ઝુંજારો માણસ અને માથાભારે માણસ ગણાવવામાં આવ્યા હતા. જેમના પર અનેક કેસો થાય છે, આના જવાબમાં ચૈતર વસાવાએ સ્પષ્ટતા કરી હતી કે તેમને કોઈની સાથે જમીનના ઝઘડા નથી કે તેમના કોઈ બેનંબરના ધંધા નથી., તેઓ માત્ર લોકો માટે લડે છે, પોલીસ અધિકારીઓ અને નેતાઓના વલણ પર નારાજગી વ્યકત કરતા વસાવાએ જણાવ્યુ હતુ કે કેટલાક અધિકારીઓ અને નેતાઓ તેમના શરતી જામીન મળવા છતાં રાજી રાજી થાય છે, તેઓ કહે છે કે તેમનો ડેડીયાપાડામાં જવા દેવામાં નહી આવે અને આવનાર દિવસોમાં નર્મદામાં પણ જવા પર પ્રતિબંધ લાગી જશે.

પરંતુ વસાવાએ આ નેતાઓ અને પોલીસ અધિકારીઓને સીધો પડકાર આપતા કહ્યુ હતુ કે આ ચૈતર વસાવા લોકોના દિલમાં રહેશે, તમે ટેડીયાપાડામાંથી કાઢી નાખશો , તમે નર્મદામાંથી કાઢી નાખશો , અમે તો લોકોના દિલોમાં રહીએ છીએ, ત્યારે કયારેય કાઢી નથી શકવાના,

## મધ્ય પ્રદેશ-રાજસ્થાનમાં ઝેરી કફ સિરપને લઈ ડોકટર સામે કાર્યવાહીથી ગુજરાતના ડોકટરો નારાજ

પ્રતિનિધિ,ગાંધીનગર

મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના છીંદવાડા માં ડોકટર વિરૂધ્ધ કાર્યવાહીથી અમદાવાદમાં પણ ડોકટરો નારાજ થઈ ગયા છે. તેઓએ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ને પત્ર લખ્યો છે, તેમણે ડોકટર વિરૂધ્ધ બોલાવવામાં આવેલી તવાઈને અયોગ્ય ગણાવી હતી. તેઓની દલીલ છે કે ડોકટરો ફાર્મા કંપની કે દવાને માન્યતા નથી આપતા, તે દર્દીને સાજા કરવા માટે દવા આપે છે, દવાની ગુણવત્તા ઉતરતા સ્તરની હોય તેના માટે ડોકટર કઈ રીતે જવાબદાર ગણાય, તેના માટે તે ફાર્માસ્યુટીકલ કંપની સામે પગલા લેવા જોઈએ,

આઈએમએએ જણાવ્યુ હતુ કે લોકો પ્રિસ્ક્રિપ્શન વગર પણ દવા ખરીદે છે, દેશમાં કેટલાય લોકો મેડીકલ સિરપ વગર દવા ખરીદે છે તેના વિશે કોઈ કશુ બોલતુ નથી, ડોકટરો બાળકના આરોગ્યની ચકાસણી કરીને સિરપ લખી આપે છે, હવે દવાની ગુણવત્તા હલકી હોય તો તેમાં ડોકટરો ને બલીનો બકરો ન બનાવી શકાય,



વાસ્તવમાં આ દવા નિયંત્રણ કરતી ઓથોરીટીની ગેરવહિવટ છે. તે દવા નિયંત્રણ યોગ્ય રીતે કરવામાં નિષ્ફળ જતા આ દુર્ઘટના બની છે, જો કે તેણે આવી દવાઓ બજારમાં આવવા જ દીધી ન હોત અને તેના સ્ટોકને ચકાસીને અમાન્ય ઠેરવ્યો હોત તો આ સ્થિતિ આવી જ ન હોત, ડોકટરોને બલીનો બકરો બનાવવાની કશુ નહી થાય, ખરા ગુન્હેગારોને પકડવામાં આવે તે જરૂરી છે. એમપીમાં બનેલા ઝેરી કફ સિરપ કાંડ માં મોટો ખુલાસો થયો છે. આ બંને ઘટનામાં કફ સિરપનુ ઉત્પાદન ગુજરાતમાં થતુ હોવાનુ જાણવા મળ્યુ છે. કફ સિરપમાં ઝેરી કેમીકલ ડીઈજી હોવાનુ પુરવાર થયુ છે. બંને કંપનીઓ ગુજરાતની છે, બંને દવાનુ ઉત્પાદન પણ ગુજરાતમાં થયુ છે, બંને કંપનીના નામ શેષ ફાર્મા અને રેડનેકસ ફાર્મા છે,

આ કંપનીની ફેકટરીઓ બાવળા રોડ પર આવેલી છે, અમદાવાદ ગ્રામ્યમાં અનેક ફાર્માસ્યુટીકલ ફેકટરીઓ ધમધમે છે, આરોગ્ય ખાતાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની ઘટનામાં ઝેરી કફ સિરપ બનાવવાનુ પગેરૂ ગુજરાતમાં નિકળ્યુ છે. આરોગ્ય મંત્રી ઋષીકેશ પટેલે બે દિવસ અગાઉ જાહેરાત કરી હતી કે ગુજરાતમાં કફ સિરપ કંપનીઓનુ નિરીક્ષણ કરવામાં આવશે. ગુજરાત સરકારે આશરે પર૯ કફ સિરપ ઉત્પાદકોનુ નિરીક્ષણ કર્યુ છે અને ગુજરાતમાં બાળકોને કફ સિરપ કેવી રીતે આપવુ તે અંગે માર્ગદર્શન પુરૂ પાડશે.

## અમદાવાદના પરિવારને પાટડીમાં નડ્યો અકસ્માત, ૪ લોકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

પાટડીમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતા ૪ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે કાર ચાલક સારવાર હેઠળ છે. સામેધામા ખાતેથી દર્શન કરીને પરત ફરતા હતા, ત્યારે અકસ્માત નડ્યો હતો. કારમાં સવાર લોકો લખતરના ડેરવાળાના વતની અને હાલ અમદાવાદમાં રહેતા હતા. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે પોલીસ દ્વારા અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.પ્રાથમિક રીતે મળતી માહિતી અનુસાર, મૂળ લખતરના ડેરવાળાના વતની અને હાલ અમદાવાદ રહેતો પરિવાર સામેધામા ખાતે આવેલા શક્તિ માતાજીના મંદિરે દર્શન કરી પરત ફરી રહ્યો હતો, ત્યારે પાટડી તાલુકાના ઝેઝરી ગામ પાસે અકસ્માત સર્જાયો હતો.કારમાં પરત ફરતી વખતે ઝેઝરી ગામ પાસે ડમ્પર સાથે અકસ્માત સર્જાયો હતો. ડમ્પર અને કાર વચ્ચે અકસ્માતમાં ૪ના મોત થયા છે. જ્યારે કાર ચાલક ઘાયલ થતાં હોસ્પિટલ ખસેડાયો છે.

